મળ્યા તારીખ : ૨૨–૦૨–૨૦૨૧
નોંધણી તારીખ : ૨૨–૦૨–૨૦૨૧
ફેંસલ તારીખ : ૨૪–૧૨–૨૦૨૧
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૧૦ ૦૫

સત્य मेव जयते

# વંથલીનાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.વંથલી.

**સેશન્સ કેસ નં.૬/૨૦૨૧.**

**આંક–૫૬**

શ્રી સરકાર
માણાવદર પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૦૩૦૩૭૨૦ ..........**ફરીયાદી**
૦૫૪૭/૨૦૨૦

**વિરૂધ્ધ.**

૦૧ દિલાવર ઉર્ફે કારો અસલમભાઈ કુરેશી
ઉ.વ.૨૬ ધંધો–શાકભાજી,
રહે.સરદારગઢપરા, માણાવદર

૦૨ હિતેન ઉર્ફે યુવી તરૂણભાઈ રાવલ
ઉ.વ.૨૩, ધંધો–મજુરી,
રહે.માણાવદર ગાયત્રી મંદીર વિસ્તાર

૦૩ ઈમરાન ભીખુમીયા કાદરી
ઉ.વ.૨૮, ધંધો–વેપાર(પાનની દુકાન)
રહે.રસુલપરા, ઉપલેટા

૦૪ કાજલબેન ભુપતભાઈ સારીખડા
ઉ.વ.૨૩, ધંધો–ઘરકામ,

રહે.રસુલપરા, સ્મશાન રોડ, ઉપલેટા **......આરોપીઓ**

**<u>ગુન્હો</u>** :– ઈ. પી. કો. કલમ–૩૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૯, ૧૨૦(બી), ૩૬૪(એ), ૩૮૯, ૧૭૦ તથા જી. પી. એ.૧૩૫ મુજબ.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

<u>ધારાશાસ્ત્રી</u> : ફરીયાદી તરફે એ. પી. પી. શ્રી ડી. સી. ઠાકર.
આરોપીઓ તરફે વિ. વ. શ્રી વી. યુ. વદર.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

# <u>– : : ચુ કા દો : : –</u>

**(૧)** ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.–૧ અને નં.–૨ ના એ તા.૦૨/૦૮/૨૦૨૦ ના કલાક ૧૯–૦૦ વાગ્યે માણાવદર ટાઉનમાં સિનેમા ચોકમાં આ કામના ફરીયાદી તથા સગીર સાહેદને છોકરી સાથે સંબંધ બંધાવી દેવાની લાલચ આપી આરોપી નં.–૧ નાની ફોર વ્હીલ ફોરચ્યુર્ન બ્લેક કલરની જીજે–૦૬–ડી–૧૨૩૪ માં બેસાડી માણાવદરથી ઉપલેટા ગામે લઈ જઈ, પુર્વ આયોજીત કાવતરા મુજબ આરોપીઓ તથા આ કામનાં નહી પકડાયેલ આરોપીઓ હાજર હોય, તમામ આરોપીઓનું પુર્વ આયોજીત કાવતરૂ પાર પાડવાના ઈરાદે આ કામના નહી પકડાયેલ આરોપીઓએ બળજબરી પુર્વક પૈસા પડાવવા માટે ફરીયાદી તથા સાહેદના આરોપી નં.–૪ સાથે અર્ધ નગ્ન હાલતમાં ફોટા પડાવી, પ્લાસ્ટીક પાઈપ વડે શરીરે આડેધડ માર મારી, ભુંડી ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૩૭૬ મુજબના સેશન્સ ટ્રાયેબલ ગુન્હામાં ફસાવી દેવાની ધમકી આપી, રૂપીયા પચાસ લાખની ખંડણી માંગી, આરોપી નં.–૩

ના એ દલાલ બની તથા નહી પકડયેલ આરોપીઓએ સીવીલ ડ્રેસમાં પોતે પોલીસ હોવાની ઓળખાણ આપી મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, એકબીજાને મદદગારી કરેલાનો માણાવદર પો. સ્ટે. માં ગુ. રજી. નં.૧૧ ૨૦૩૦૩૭૨૦ ૦૫૪૭/૨૦૨૦ થી ભારતીય દંડ સહીતાની કલમ–૩૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૯, ૧૨૦(બી), ૩૬૪(એ), ૩૮૯, ૧૭૦ તથા જી. પી. એ. કલમ–૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ, આ કામે તપાસ પુર્ણ થયા બાદ આ કામના આરોપી વિરૂધ્ધ માણાવદરનાં મહે. જયુ. મેજી. ફસ્ટ કલાસશ્રીની કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ.

**(૨)** સદર કામે વિ. જયુ. મેજી. ફસ્ટ કલાસ માણાવદરના ઓએ માણાવદરની કોર્ટમાં આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત જણાવેલ શિક્ષા પાત્ર ગુન્હાનું ચાર્જશીટ દાખલ થતાં તે ક્રિમી. કેસ નં.૧૯૨/૨૦૨૦ થી નોંધેલ. પરંતુ, સદરહું ગુન્હો ઈ.પી.કો. કલમ–૩૨૭, ૩૮૯ અન્વયેનો હોય જયુ. મેજી. ફસ્ટ કલાસ માણાવદરનાઓએ આ કેસ સી.આર.પી.સી. કલમ–૨૦૯ અન્વયે અત્રેની સેશન્સ કોર્ટને કમીટ કરવાનો હુકમ કરી રેકર્ડ અત્રેની કોર્ટ ખાતે મોકલી આપેલ. જેને સેસન્સ કેસ નં.૬/૨૧ થી નોંધેલો.

**(૩)** સદરહું કામમાં આરોપીઓ અત્રેની કોર્ટમાં ઉપસ્થિત થતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓની સામે આંક–૯ થી તહોમતનામું તેમની સામેના શિક્ષાને પાત્ર ગુન્હામાં ફરમાવેલ અને સદરહું તહોમતનામું વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ આંક–૧૦ થી

આંક–૧૩ સુધીના નિવેદનમાં ગુન્હાનો ઈન્કાર કરતાં કામ પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત જણાવેલા આરોપીઓ સામે સદરહું કામની આગળની ઈન્સાફી કાર્યવાહી અત્રેની કોર્ટ દવારા ચલાવવામાં આવેલ છે.

(૪) સદરહું કામે ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનાં આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ નં. | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૦૧ | ૧૫ | વિજયભાઈ લલીતભાઈ બાટવીયા | ફરીયાદી |
| ૦૨ | ૧૭ | શિવમ ભીખાભાઈ કામરીયા | સાહેદ |
| ૦૩ | ૨૨ | મહેશભાઈ રાણાભાઈ મરંડ | સાહેદ |
| ૦૪ | ૨૩ | એઝાજ રજાકભાઈ કાણા | સાહેદ |
| ૦૫ | ૩૮ | પ્રકાશચંદ્ વેલાભાઈ ધોકડીયા | ત.ક.અ. |

આ ઉપરાતં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા પણ રજુ રાખવામાં આવેલા છે.

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૦૧ | ૧૬ | ફરીયાદ |
| ૦૨ | ૧૮ થી ૨૧ | અટક પંચનામું, મુદામાલ કાર તથા મોબાઈલ કબજે લીધાનાં પંચનામાં, |
| ૦૩ | ૨૬, ૨૭ ૩૭ ૫૩ | ઓળખ પરેડનાં પંચનામાં, સી.સી.ટી.વી. ફુટેજવાળી સી.ડી.નું પંચનામુ, |
| ૦૪ | ૩૯ થી ૫૧ | ગુન્હો નોંધવાની યાદી, ઉપલેટા પી.એસ.આઈ.ને કરેલ રીપોર્ટની |

ઓ.સી. તથા પત્ર, કલમ ઘટાડા તથા વધારાનો રીપોર્ટ, ઓળખ પરેડ માટેના રીપોર્ટ/પત્ર, સી.સી.ફુટેજ અંગેનું બીલ, કલમ–૭૦ મુજબનું વોરંટ મેળવવા કરેલ રીપોર્ટ, હથીયાર બંધી જાહેરનામાની નકલ, એફ.આઈ.આર. તથા સ્ટે. ડાયરીની ખરી નકલ.

**(૫)** આ કામે ફરીયાદ પક્ષે ઉપર મુજબ લેખીત / દસ્તાવેજી પુરાવો તથા મૌખીક પુરાવો રેકર્ડ ઉપર આ કામે આવ્યા બાદ આરોપીઓને પુરતો બચાવ કરવાની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુસર ક્રિમી. પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નીવેદન નોંધી લેતાં, ''અમો નિદોર્ષ છીએ, અમારી સામે ખોટો કેસ કરેલ છે, અમોને છોડી મુકવા અરજ છે.'' તેવું જણાવેલ છે, જો કે આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલા નથી.

**(૬)** આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામના નિણર્ય અર્થે નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છે.

(૦૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, નં.–૧ અને નં.–૨ ના એ તા.૦૨/૦૮/૨૦૨૦ ના કલાક ૧૯–૦૦ વાગ્યે માણાવદર સિનેમા ચોકમાં ફરીયાદી તથા સગીર સાહેદને છોકરી સાથે સંબંધ બંધાવી દેવાની લાલચ આપી નં.–૧ નાની કાર નં. જીજે–૦૬–ડી–૧૨૩૪ માં બેસાડી માણાવદરથી ઉપલેટા ગામે લઈ જઈ, પુર્વ આયોજીત કાવતરા મુજબ બળજબરી પુર્વક પૈસા પડાવવા માટે ફરીયાદી તથા સાહેદના નં.–૪ સાથે અર્ધ નગ્ન હાલતમાં ફોટા પડાવી, પ્લાસ્ટીક પાઈપ વડે શરીરે આડેધડ માર મારી, ભુંડી ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો. કલમ–૩૭૬ મુજબના ગુન્હામાં ફસાવી દેવાની ધમકી આપી, રૂપીયા પચાસ લાખની ખંડણી માંગી, નં.–૩ ના એ દલાલ બની

મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૩૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૯, ૧૨૦(બી), ૩૬૪(એ), ૩૮૯, ૧૭૦ તથા જી. પી. એ. કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૦૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદદા પરત્વેનો મારા નિર્ણયો નીચે નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૦૧ નકારમાં.

૦૨. આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

**(૮)** આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થન માટે સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે. ફરીયાદ પક્ષનો એવો કેસ છે કે, આરોપી નં.–૧ અને નં.–૨ ના એ ફરીયાદી તથા સગીર સાહેદને છોકરી સાથે સંબંધ બંધાવી દેવાની લાલચ આપી કારમાં માણાવદરથી ઉપલેટા ગામે લઈ જઈ, પુર્વ આયોજીત કાવતરા મુજબ બળજબરી પુર્વક પૈસા પડાવવા માટે ફરીયાદી તથા સાહેદના નં.–૪ સાથે અર્ધ નગ્ન હાલતમાં ફોટા પડાવી, પ્લાસ્ટીક પાઈપ વડે શરીરે આડેધડ માર મારી, ભુંડી ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, રૂપીયા પચાસ લાખની ખંડણી માંગી, નં.–૩ એ દલાલ બની, મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી, એકબીજાને મદદગારી કરેલ.

(૯) સાહદો કોર્ટમાં જુબાની આપતા હોય ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આટીઘુંટીથી બરાબર પરીચીત હોતા નથી તેવા સંજોગોમાં તેઓની જુબાનીમાં વિરોધાભાસ, વિસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તે કારણે જો ફરીયાદ પક્ષનાં કેસને કોઈ વિપરીત અસર પડતી હોય તો તે વિરોધાભાસ, વિસંગતતા કે અતિરેક દરગુજર કરવો જોઈએ, પરંતુ, જો આવા વિરોધાભાસ, વિસંગતતા કે અતિરેકત ફરીયાદ પક્ષના કેસના મુળને અસર કરતા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તેમજ ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંત ધ્યાને લઈને, રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે. અલબત, આ કેસમાં સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાની ઉપર સમર્થન કરતા પુરાવા રજુ રાખવામાં આવેલ નથી. આ સંજોગોમાં ફરીયાદ પક્ષનાં રજુ પુરાવા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદી વિજયભાઈ લલીતભાઈ બાટવીયાને આંક–૧૫ થી તપાસેલા છે. ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીનો પુરાવો જોતાં કારો ઉર્ફે દિલાવર ફોરચ્યુનર કાર લઈને ઉભેલ હોય અને તેઓને મળેલ હોય કે ગાડીમાં બેસીને કોઈ જગ્યાએ ગયેલ હોય કે કાળાએ છોકરી બાબતની વાત કરેલ હોય કે કોઈ વ્યકિતએ પોલીસ તરીકેની ઓળખાણ આપેલ હોય કે તેને કે શિવમને જબરજસ્તી કરી કપડા ઉતારી છોકરી સાથે ફોટા પાડેલ હોય કે બદનામ કરવાની ધમકી આપેલ હોય કે પૈસાની માંગણી કરેલ હોય તેવું બનેલ નથી. ફરીયાદ તેઓને બતાવવામાં આવતાં ફરીયાદમાં સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આ કામે આંક–૧૬ થી રજુ થયેલ છે. આંક–૧૬ ની ફરીયાદને સમર્થનકારક કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો

ન હોય વિ. એ. પી. પી. શ્રી એ તેઓને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે તેમાં પણ સાહેદે આંક–૧૬ ની ફરીયાદની હકીકતનો ઈન્કાર કરેલ છે અને ફરીયાદની હકીકતને સમર્થન કરેલ નથી. આ ઉપરાતં બચાવપક્ષની ઉલટમાં પોલીસે તેની રીતે ફરીયાદ લખી લીધેલી તેમણે માત્ર સહી કરેલાનું કબુલ રાખે છે. આ સંજોગોમાં ફરીયાદીની જુબાનીનો પુરાવો જોતાં પોતે ઈજા પામનાર અને ભોગ બનનાર છે. તેમ છતાં, પોતે આંક–૧૬ ની ફરીયાદની હકીકતને સમર્થન આપતો સહેજ પણ પુરાવો રેકર્ડ ઉપર લાવતાં નથી. તેવા સંજોગોમાં, ફરીયાદીની જુબાનીના પુરાવાથી કેસ પુરવાર થતો નથી તેવું આ કોર્ટ માને છે.

**(૧૧)** ત્યારબાદ, ફરીયાદ પક્ષ તરફથી સાહેદ શિવમ ભીખાભાઈ કામરીયા ને આંક–૧૭ થી તપાસેલા છે. તેમની સોગંદ ઉપરની જુબાનીનો પુરાવો જોતાં દલાવરની ગાડીમાં બેસીને તેમના મિત્ર વિજય સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય કે કાળા ઉર્ફે દીલાવરે કોઈ છોકરી બાબતની વાત કરેલ હોય કે તેમને તથા વિજયને જબરજસ્તી કરી કપડા ઉતારેલ હોય કે છોકરી સાથેના ફોટા પાડી બદનામ કરવાની ધમકી આપી પૈસાની માંગણી કરેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવે છે. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય સાહેદને વિ. એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે. તેમ છતાં, આંક–૧૬ વાળી ફરીયાદની હકીકતને સમર્થન આપતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર લાવતા નથી અને તે રીતે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને આ સાહેદ લેશમાત્ર સમર્થન કરતા નથી. તેવા સંજોગોમાં, આ સાહેદના પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો ન હોવાનું આ કોર્ટ માને છે.

**(૧૨)** ફરીયાદ પક્ષ તરફથી સાહેદ મહેશભાઈ રાણાભાઈ મરંડનુ આંક–૨૨ થી તથા સાહેદ એઝાજ રજાકભાઈ કાણાને આંક–૨૩ થી તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીનાં પુરાવામાં ફરીયાદ પક્ષને સમર્થનકારક પુરાવો રજુ રાખતા ન હોય એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે. તેમ છતાં, આંક–૧૬ વાળી ફરીયાદની હકીકતને સમર્થન આપતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર લાવતા નથી અને તે રીતે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને આ સાહેદ લેશમાત્ર સમર્થન કરતા નથી. તેવા સંજોગોમાં, આ સાહેદોના પુરાવાથી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો ન હોવાનું આ કોર્ટ માને છે.

**(૧૩)** આ કામે આરોપીઓના વિ. વ. શ્રી ની સંમતીથી આંક–૧૮ તથા આંક–૨૦ થી અટક પંચનામા, આંક–૧૯ તથા આંક–૨૧ થી મુદામાલ કબજે લીધાના પંચનામા, આંક–૨૬ તથા આંક–૨૭ થી ઓળખ પરેડના પંચનામા, આંક–૩૭ તથા આંક–૫૩ થી સી.સી.ટી.વી. ફુટેજની સી.ડી. અંગેના પંચનામા ને આંક આપવામાં આવેલ છે. આ પંચનામા વંચાણે લેવામાં આવે તો પણ આ પંચનામાથી આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સગીર સાહેદને પુર્વ આયોજીત કાવતરા મુજબ, બળજબરી પુર્વક પૈસા પડાવવા માટે આરોપી નં.–૪ સાથે અર્ધ નગ્ન હાલતમાં ફોટા પડાવી, પ્લાસ્ટીક પાઈપ વડે શરીરે આડેધડ માર મારી, રૂપીયા પચાસ લાખની ખંડણી માંગેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી અને તેથી આ પંચનામા વંચાણે લેવામાં આવે તો આરોપીઓને ગુનામાં સાંકળતો હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**(૧૪)** આ કામે આંક–૩૮ થી તપાસવામાં આવેલ ત.ક.અ. પ્રકાશચંદ્ વેલાભાઈ ધોકડીયા તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ગુન્હો નોંધવાની યાદી આંક–૩૯ થી, ઉપલેટા પી. એસ. આઈ. ને કરેલ રીપોર્ટની ઓ.સી. તથા પત્ર આંક–૪૦–૪૧–૪૭, કલમ ઘટાડા તથા વધારાનો રીપોર્ટ આંક–૪ર, ઓળખ પરેડ માટેના રીપોર્ટ/પત્ર આંક–૪૩ થી ૪૫, સી.સી.ફુટેજ અંગેનું બીલ આંક–૪૬, કલમ–૭૦ મુજબનું વોરંટ મેળવવા કરેલ રીપોર્ટ આંક–૪૮, હથીયાર બંધી જાહેરનામાની નકલ આંક–૪૯, એફ.આઈ.આર. તથા સ્ટે. ડાયરીની ખરી નકલ આંક–૫૦–૫૧ થી રજુ રાખેલ. સદર સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ કબુલ રાખે છે કે, પી.એસ.ઓ. તથા ત.ક.અ. તેઓ જ હતા.

**(૧૫)** ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી ડી. સી. ઠાકરની એવી દલીલ છે કે, આ કામે તપાસેલ ફરીયાદી, સાહેદ તથા પંચો ફરી ગયેલા છે. પરંતુ, આ કામે તપાસેલ તપાસ કરનાર અમલદારની સોગંદ ઉપરની જુબાનીથી તપાસની હકીકત તેમજ આરોપીઓ ગુન્હાના કામે સંડોવાયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. તપાસ કરનાર અમલદાર જુબાનીમાં પંચનામા તથા સાહેદોની જુબાનીમાં આવેલ વિરોધાભાસ પુરવાર કરેલ છે. તપાસ કરનાર અમલદારને આરોપીઓ સાથે કોઈ દુશ્માનવટ નથી. આરોપીઓને ખોટી રીતે ફસાવવા કોઈ કારણ નથી. જેથી, તેમની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને કસુરવાર ગણી યોગ્ય સજા કરવાની રજુઆત કરેલ છે. જયારે બચાવ પક્ષે વિ. વ. શ્રી વી. યુ. વદરએ એવી દલીલ કરેલ છે કે, તપાસેલ ફરીયાદી અને સાહેદો ફરી ગયેલા છે અને ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી. જેથી, માત્ર તપાસ કરનાર અમલદારની

જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં. આમ, ફરીયાદ પક્ષ તેમના કેસને સમર્થન આપતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોય ફરીયાદ પક્ષનો કેસ નિઃશંકપણે સાબીત થતો નથી. જેથી, આરોપીઓને છોડી મુકવા જણાવેલ છે.

**(૧૬)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે તપાસેલ સાહેદો ફરી ગયેલા છે અને તેઓએ ફરીયાદની હકીકતને સમર્થન કરેલ નથી અને આરોપીઓને ગુન્હા સાથે સાંકળી શકાય તેવા કોઈ પુરાવા રજુ રાખેલા નથી. આ કામે આરોપી નં.–૧ અને નં.–૨ નાએ ફરીયાદી તથા સગીર સાહેદને છોકરી સાથે સંબંધ બંધાવી દેવાની લાલચ આપી, ફોરચ્યુર્નમાં માણાવદરથી ઉપલેટા ગામે લઈ જઈ, પુર્વ આયોજીત કાવતરા મુજબ બળજબરી પુર્વક પૈસા પડાવવા માટે ફરીયાદી તથા સાહેદના આરોપી નં.–૪ સાથે અર્ધ નગ્ન હાલતમાં ફોટા પડાવી, પ્લાસ્ટીક પાઈપ વડે શરીરે આડેધડ માર મારી, ભુંડી ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી, રૂપીયા પચાસ લાખની ખંડણી માંગેલ હોય તેવી ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા નથી. આમ, આ કામે સાહેદો દવારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ જોતાં, આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. તેવાં સંજોગોમાં, માત્ર તપાસ કરનાર અમલદારની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. ફોજદારી કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં ફોજદારી કામમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ સંપુર્ણ નિઃશંકપણે પુરવાર કરવાનો રહેતો હોય છે. જે હકીકત સાબીત થતી નથી. જેથી વિ. સરકારી વકીલશ્રીની દલીલ આ કોર્ટ ગ્રાહય રાખતી નથી અને બચાવ પક્ષના વિ. વકીલશ્રીની દલીલ ગ્રાહય રાખે છે અને તે રીતે, મુદા નં.–૧

નો નિર્ણય નકારમાં આપી મુદા નં.–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

૦૧ આથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના (૧) દિલાવર ઉર્ફે કારો અસલમભાઈ કુરેશી (૨) હિતેન ઉર્ફે યુવી તરૂણભાઈ રાવલ (૩) ઈમરાન ભીખુમીયા કાદરી તથા (૪) કાજલબેન ભુપતભાઈ સારીખડાને ઈ. પી. કો. કલમ–૩૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૯, ૧૨૦(બી), ૩૬૪(એ), ૩૮૯, ૧૭૦ તથા જી. પી. એ.૧ ૩૫ મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૦૨ સદર આરોપીઓના ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર પુરા) નાં અપીલ સમય સુધીના જામીન લેવાનો હુકમ કરવામાં આવે છે.

૦૩ અન્ય આરોપીઓ પકડવાના બાકી હોય અને તેમની સામેનો કેસ બાકી હોય હાલના કેસમાં મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી અને તે કેસમાં યોગ્ય તે મુદામાલનો નિર્ણય આવે તે રીતે મુદામાલની કાર્યવાહી કરવાની રહેશે.

હુકમ આજ તારીખ ૨૪ મી, માહેઃ ડિસેમ્બર, સનેઃ ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

વંથલી.
તા.૨૪/૧૨/૨૦૨૧

**(પદ્મનાભ ગોવર્ધનરાય વ્યાસ )**
એડીશનલ સેશન્સ જજ,
વંથલી.
Code No.GJ00389